GUJCET
2023

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટેની**

# ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ-૨૦૨૩

**માહિતી પુસ્તિકા**



**પરીક્ષા ફી ₹ 350/-**

**તા. 06-01-2023 થી તા. 20-01-2023 સુધી ઓનલાઇન એપ્લિકેશન રજિસ્ટ્રેશન નીચે દર્શાવેલ વેબસાઇટ પર કરી શકાશે.**

**www.gseb.org** or **gujcet.gseb.org**

પત્રવ્યવહારનું સરનામું

**મદદનીશ સચિવ,**

**ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ,**

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ**

**સેક્ટર 10-B, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર,**

**ફોન નંબર : ૦૭૯-૨૩૨ ૨૦૫૩૮**

**બોર્ડની વેબસાઇટ : www.gseb.org અથવા gujcet.gseb.org**

## -: ખાસ સૂચના :-

- *આ માહિતી પુસ્તિકા અને આવેદનપત્ર ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષા આપવા માટે છે. ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જે તે એડમિશન કમિટી કે સંસ્થામાં અલગથી અરજીપત્ર ભરવાના હોય છે.*
- *ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાય છે અને પરિણામ પ્રસિદ્ધ કરાય છે, પરંતુ મેરિટયાદી જે તે પ્રવેશની કામગીરી કરતી સંસ્થા દ્વારા (સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન) તૈયાર કરવામાં આવે છે. (બોર્ડ મેરીટયાદી તૈયાર કરતું નથી)*
- *અન્ય બોર્ડમાંથી HSCE Exam - Science Streamની પરીક્ષામાં ઉપસ્થિત થનારા/ અગાઉ ઉત્તીર્ણ ઉમેદવારો પણ ગુજકેટની પરીક્ષા આપે છે તેવા ઉમેદવારોને ગુજરાતની ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ જે તે સંસ્થાના નિયમોને આધિન રહેશે.*

| **ઓનલાઈન આવેદનપત્ર ભરવા માટે હેલ્પ લાઈન નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦** |
|---|
| **નોંધ : ગુજકેટ - ૨૦૨૩ પરીક્ષાની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.** |

# અનુક્રમણિકા


| ક્રમ | | વિગત | પાના નં. |
|---|---|---|---|
| **1.** | **પ્રસ્તાવના** | | 1 |
| **2.** | **પરીક્ષા યોજના** | | 3 |
| | 2.1 | પરીક્ષા સંચાલન | 3 |
| | 2.2 | અભ્યાસક્રમ | 3 |
| | 2.3 | પરીક્ષા માળખું | 3 |
| | 2.4 | ઉમેદવારોની મેરીટ યાદી અંગે | 3 |
| | 2.5 | પ્રશ્નપત્રોનું સ્વરૂપ | 4 |
| | 2.6 | ઉમેદવારોને મોકલી આપવાની શાળાઓ/સંસ્થાઓની પાત્રતા | 4 |
| | 2.7 | ઉમેદવારોની પાત્રતા | 4 |
| | 2.8 | આવેદનપત્ર ભરવા બાબત | 5 |
| | 2.9 | ઓનલાઈન આવેદનપત્ર ભરવા અંગે | 5 |
| | 2.10 | આધારોની ચકાસણી કરવા બાબત | 5 |
| | 2.11 | માર્ચ-2023 પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવાર | 6 |
| | 2.12 | પરીક્ષા ફી | 6 |
| | 2.13 | પરીક્ષાનું માધ્યમ | 6 |
| | 2.14 | પરીક્ષા કેન્દ્રો | 7 |
| | 2.15 | પ્રવેશપત્ર | 8 |
| | 2.16 | પ્રવેશપત્ર મળ્યા બાદની પ્રવિધિ | 8 |
| | 2.17 | પરીક્ષા પરિણામ સમયમર્યાદા | 8 |
| **3.** | **પરીક્ષા દરમિયાન અનુસરવા માટેની સૂચનાઓ** | | 8 |
| | 3.1 | પરીક્ષા સમયપત્રક | 8 |
| | 3.2 | પરીક્ષા સ્થળની વ્યવસ્થા | 9 |
| | 3.3 | પરીક્ષા ખંડમાં ઉમેદવારોને પ્રવેશ અને જરૂરી નોંધણી | 9 |
| | 3.4 | પરીક્ષા ખંડમાં સમયપાલન | 10 |
| | 3.5 | પરીક્ષા ખંડમાં હાજરી બાબત | 10 |
| | 3.6 (એ) | પરીક્ષા ખંડમાં પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા વિતરણ | 10 |
| | 3.6 (બી) | પશ્નપુસ્તિકા ઉપરની વિગતો ભરવા બાબત | 11 |
| | 3.7 | ઉત્તરપત્રિકા ઉપર નોંધવાની વિગતો | 11 |
| | 3.8 (એ) | ઉત્તરપત્રિકામાં ઉત્તરો દર્શાવવા માટેની પદ્ધતિ | 12 |
| | 3.8 (બી) | એકવાર પ્રત્યુત્તર આપ્યા બાદ કોઈ ફેરફાર કરવો નહીં | 13 |
| | 3.9 | મૂલ્યાંકન પદ્ધતિ | 13 |

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 3.10 | રફકામ | 14 |
| 3.11 | પરીક્ષા પ્રવેશ રદ થવા બાબત | 14 |
| 3.12 | ઉમેદવારની પરીક્ષા સંબંધી ગેરવર્તણૂક માટેની શિક્ષા | 14 |
| 3.13 | ઉત્તરપત્રિકા પરત સોંપવાની પ્રવિધિ | 15 |
| 3.14 | પુનઃ પરીક્ષા | 15 |
| **4.** | **પરિણામ અંગે** | 16 |
| 4.1 | મૂલ્યાંકન | 16 |
| 4.2 | પરિણામ જાહેરાત | 16 |
| 4.3 | ગુણપત્રક | 16 |
| 4.4 | ડુપ્લીકેટ ગુણપત્રક | 16 |
| 4.5 | OMR Answer sheetની નકલ મેળવવા બાબત | 16 |
| 4.6 | મેરીટ યાદી | 16 |
| 4.7 | ખાનગી રેકર્ડ સાચવણી અને સમયમર્યાદા | 17 |
| 4.8 | નિયમો/જોગવાઈઓનું અર્થઘટન | 17 |
| 4.9 | અદાલતી દાવાઓ કરવાનું કાર્યક્ષેત્ર | 17 |
| **5.** | **પરિશિષ્ટ વિભાગ** | |
| | પરિશિષ્ટ-1 | 18 |
| | પરિશિષ્ટ-2 | 19 |
| | પરિશિષ્ટ-3 | 22 |
| | પરિશિષ્ટ-4 | 23 |
| | પરિશિષ્ટ-5 | 24 |
| | પરિશિષ્ટ-6 | 25 |
| | પરિશિષ્ટ-7 | 26 |
| | પરિશિષ્ટ-8 | 27 |
| | પરિશિષ્ટ-9 (A) | 28 |
| | પરિશિષ્ટ-9 (B) | 30 |
| | પરિશિષ્ટ-9 (C) | 32 |
| | પરિશિષ્ટ-10 (A) | 34 |
| | પરિશિષ્ટ-10 (B) | 34 |
| | પરિશિષ્ટ-11 | 35 |
| | પરિશિષ્ટ-12 | 36 |
| | પરિશિષ્ટ-13 | 37 |

## 1. પ્રસ્તાવના :

1.1 ગુજરાત સરકારના, શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ, સચિવાલય, ગાંધીનગર, તા. 28-07-2005 અને તા. 12-01-2006 થી ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહ પછીના ડિગ્રી એન્જિનિયરીંગ ફાર્મસી તેમજ મેડિકલ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું ઠરાવેલ હતું. સરકારશ્રીએ ઑગસ્ટ-2012માં ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ તરીકે ગુજકેટને સ્થાને JEE Main દાખલ કરવા નિર્ણય કરેલ હતો. આ વર્ષે ગુજરાત સરકારશ્રીના શિક્ષણવિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ-સચિવાલય, ગાંધીનગર, તા. 19-11-2016 થી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાનપ્રવાહ (10 + 2 તરાહ)ના ગ્રુપ-એ (મેથ્સ) તથા ગ્રુપ-બી (બાયોલોજી) તથા ગ્રુપ-એબી(મેથ્સ-બાયોલોજી)ના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી એન્જિનીયરિંગ, ડિપ્લોમા/ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષા યોજવા સૂચના આપેલ છે. વધુમાં સંયુક્ત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. 07-03-2017ના પત્રક્રમાંક એમ.સી.જી./2016/એસએફ.એસ-162/જ. અન્વયે પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સિસમાં પ્રવેશ માટે કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે લેવાની થતી નથી. સરકારશ્રી દ્વારા રચાયેલ પરીક્ષા સમિતિની બેઠકમાં ગુજકેટ પરીક્ષાના આયોજન માટેની રૂપરેખા નક્કી કરવામાં આવેલ છે.

1.2 'કોમન એન્ટરન્સ ટેસ્ટ'નું નામાભિધાન 'GUJCET' રહેશે.

1.3 ટૂંકી સંજ્ઞા : આ નિયમો 'ગુજરાત કૉમન એન્ટરન્સ ટેસ્ટ (GUJCET)' નિયમો કહેવાશે.

1.4 વ્યાખ્યા :

1. "રાજ્ય સરકાર" એટલે "ગુજરાત સરકાર."
2. "વિભાગ" એટલે "શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય."
3. "બોર્ડ" એટલે "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર."
4. "GUJCET" એટલે "ગુજરાત કૉમન એન્ટરન્સ ટેસ્ટ."
5. "નિયમો" એટલે "ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ-તા. 28-7-2005ના પારા-6ની જોગવાઇ હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરે ઠરાવેલ નિયમો".
6. "પાત્રતા" એટલે "GUJCET" પરીક્ષામાં ઉપસ્થિત થવાપાત્ર ઉમેદવારની "ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ-તા. 28-7-2005 અને તા. 12-1-2006ના પારા-1ની જોગવાઇ હેઠળની લાયકાત."
7. "યોગ્યતા યાદી" (Merit List) એટલે જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ એજ્યુકેશનલ કોર્સિસ દ્વારા વખતો વખત નક્કી થતા પ્રવેશ નિયમોને આધીન રહીને પ્રવેશ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવતી યાદી
8. "પરીક્ષા સમિતિ" એટલે "ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ, તા. 28-7-2005ના પારા-11 અને તા. 12-1-2006ના પારા-5ની જોગવાઇ હેઠળ રચવામાં આવેલ તેમજ ઠરાવ ક્રમાંક : પરચ-102012-સ-સચિવાલય, ગાંધીનગર, તા. 19-11-2016થી પુનઃગઠિત કરવામાં આવેલ પરીક્ષા સમિતિ."
9. "GS&HSEB" એટલે "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર."
10. "CBSE" એટલે "સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી"
11. "CISCE" એટલે "કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, ન્યુ દિલ્હી".

12. “માન્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ” એટલે “ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને સમકક્ષ હોય તેવા અન્ય રાજ્યોના બોર્ડ.”

13. “ગ્રુપ-A” એટલે “ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ), રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિત વિષયના ગ્રુપ”.

14. “ગ્રુપ-B” એટલે “ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ), રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાન વિષયના ગ્રુપ”.

15. “ગ્રુપ-AB” એટલે “ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ), ગણિત, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાન વિષયના ગ્રુપ”.

16. “પરીક્ષાનું માધ્યમ” એટલે “GUJCET” પરીક્ષા માટે “ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ-તા. 28-7-2005ના પારા-5ની જોગવાઇ મુજબ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું માધ્યમ.”

17. “અધ્યક્ષ” એટલે “ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પવશ:102002-2464-સ, તા. 28-07-2005ના પારા-11માં જણાવ્યા મુજબના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ.”

18. “સભ્ય” એટલે “ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પવશ:102002-2464-સ, તા. 28-07-2005ના પારા-11માં જણાવ્યા મુજબના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સભ્ય.”

19. “સભ્ય સચિવશ્રી” એટલે “ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પવશ:102002-2464-સ, તા. 28-07-2005ના પારા-11માં જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પરીક્ષા નિયામકશ્રી.”

20. “પરીક્ષા કેન્દ્ર” એટલે “GUJCET” માટે ઉપસ્થિત થવા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પવશ-102002-2464-સ તા. 28-7-2005ના પારા-7ની અને તા. 12-1-2006ના પારા-4 જોગવાઇ હેઠળની પરીક્ષા સમિતિ દ્વારા વખતો-વખત નક્કી કરે તે મુજબના પરીક્ષા કેન્દ્ર.”

21. OMR એટલે “Optical Mark Reader”

22. “અભ્યાસક્રમ” એટલે “ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ-102012-સ-સચિવાલય, ગાંધીનગર તા. 19-11-2016ના પારા-9ની જોગવાઇ હેઠળની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)ના ધોરણ-૧૨ના હાલમાં જે પાઠ્યપુસ્તકો અમલમાં હોય તે પાઠ્યપુસ્તકો મુજબના અભ્યાસક્રમમાંથી વિષયવાર તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ.”

23. “કેન્દ્ર નિયામક” એટલે “GUJCET માટેના પરીક્ષા કેન્દ્ર કે તેના ભાગનું બોર્ડ વતી સંચાલન કરવા નિમાયેલી વ્યક્તિ.”

24. “ખંડ નિરીક્ષક” એટલે “GUJCET માટેના પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા દરમિયાન પરીક્ષા ખંડમાં નિરીક્ષણ માટે બોર્ડ દ્વારા નિમાયેલી વ્યક્તિ”.

25. “પરીક્ષા” એટલે “ગુજરાત કૉમન એન્ટરન્સ ટેસ્ટ”.

26. “પ્રાશ્નિક” એટલે “GUJCET માટેના પ્રશ્નપત્ર તૈયાર કરનાર તજજ્ઞ.”

27. “શિડ્યુલ કાસ્ટ (SC)” એટલે “સરકાર દ્વારા શિડ્યુલ કાસ્ટ તરીકે પ્રમાણિત કરેલ હોય તે.”

28. "શિડ્યુલ ટ્રાઈબ (ST)" એટલે "સરકાર દ્વારા શિડ્યુલ ટ્રાઈબ તરીકે પ્રમાણિત કરેલ હોય તે."

29. "અધર બેકવર્ડ ક્લાસ (OBC)" એટલે "સરકાર દ્વારા અધર બેકવર્ડ ક્લાસ તરીકે પ્રમાણિત કરેલ હોય તે."

## 2. પરીક્ષા યોજના

### 2.1 GUJCET માટેનું સંચાલન :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પરીક્ષા સંચાલન કરવામાં આવશે.

### 2.2 GUJCET નો અભ્યાસક્રમ :

શૈક્ષણિક વર્ષ- 2022-23માં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, **ધોરણ-૧૨,** વિજ્ઞાન પ્રવાહ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરેલ NCERT મુજબનો **અભ્યાસક્રમ ગુજકેટ-2023ની પરીક્ષા માટેનો અભ્યાસક્રમ રહેશે.**

### 2.3 GUJCET માટે પરીક્ષા માળખું :

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે નીચે મુજબના વિષયોના બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નપત્રો રહેશે અને તેની સામે દર્શાવેલ પ્રશ્નો, ગુણ અને સમય રહેશે.

| અ.નં. | વિષય | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| (1) | ભૌતિકશાસ્ત્ર }* | 40 | 40 | }* કુલ 120 મિનિટ |
| | રસાયણશાસ્ત્ર | 40 | 40 | |
| (2) | જીવવિજ્ઞાન | 40 | 40 | 60 મિનિટ |
| (3) | ગણિત | 40 | 40 | 60 મિનિટ |

* ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રનું પ્રશ્નપત્ર સંયુક્ત રહેશે. એટલે કે 40 પ્રશ્નો ભૌતિકશાસ્ત્રના અને 40 પ્રશ્નો રસાયણશાસ્ત્રના એમ કુલ 80 પ્રશ્નો, 80 ગુણ અને 120 મિનિટનો સમય આપવામાં આવશે. OMR Answer Sheet પણ 80 પ્રત્યુત્તર (ઉત્તરો) માટેની રહેશે. જીવવિજ્ઞાન અને ગણિતનું પ્રશ્નપત્ર અલગ અલગ રહેશે. જે માટેની OMR Answer Sheet પણ અલગ આપવામાં આવશે. એટલે કે જીવવિજ્ઞાન અને ગણિતમાં 40 પ્રશ્નો, 40 ગુણ અને 60 મિનિટનો સમય આપવામાં આવશે. OMR Answer Sheet પણ 40 પ્રત્યુત્તર માટેની રહેશે. 40 ગુણ અને 60 મિનિટનો સમય આપવામાં આવશે OMR Answer Sheet પણ 40 પ્રત્યુત્તર માટેની રહેશે.

### 2.4 ઉમેદવારોની મેરીટ યાદી અંગે :

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની મેરીટ યાદી તૈયાર કરવા માટેની જોગવાઈ

૧. ડિગ્રી ઈજનેરી, ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીએ પસંદ કરેલ ગ્રુપ વિષયો A અથવા B અથવા AB ના થિયરી પર્સેન્ટાઈલનાં અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં વખતોવખત બહાર પડતા પ્રવેશના નિયમોની જોગવાઈને આધારે નિયત કરવામાં આવે તે ભારાંક મુજબ સંબંધિત પ્રવેશ સમિતિ દ્વારા મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને તે મુજબ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે.

૨. વર્ષ-2023માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા લેવાનાર ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયોમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં વખતોવખત બહાર પડતા પ્રવેશના નિયમોની જોગવાઈના આધારે નિયત કરવામાં આવે તે ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવામાં આવશે.

3. વર્ષ 2023માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના અન્ય માન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓ માટે ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની સંબંધિત બોર્ડની વાર્ષિક પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનનાં વિષયોમાં મેળવેલ થિયરી પર્સેન્ટાઈલનાં અને GUJCETનાં પર્સેન્ટાઈલનાં વખતોવખત બહાર પડતા પ્રવેશના નિયમોની જોગવાઈના આધારે નિયત કરવામાં આવે તે ભારાંક (Weightage) મુજબ મેરીટ યાદી તૈયારી કરી પ્રવેશ આપવામાં આવશે.

4. ડિગ્રી એન્જિનિરીંગ અને ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે GUJCET પરીક્ષા અને બોર્ડ પરીક્ષાના પરિણામના આધારે બહાર પડતા પ્રવેશના નિયમોની જોગવાઈને આધારે મેરીટ યાદી બનાવવાની કામગીરી 'જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ', એડમિશન બિલ્ડિંગ, એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ-380 015 કરશે.

## 2.5 GUJCET માટેના પ્રશ્નપત્રોનું સ્વરૂપ :

બહુવિકલ્પ પ્રકારનું હેતુલક્ષી (MCQ) પ્રશ્નપત્ર રહેશે, જવાબમાં ચાર વિકલ્પો આપવામાં આવશે, જેમાંથી એક વિકલ્પ સાચો હશે.

## 2.6 GUJCET માટેના ઉમેદવારો મોકલી આપવાની શાળાઓ/સંસ્થાઓની પાત્રતા :

(1) બોર્ડ દ્વારા નોંધાયેલી હોય અને જેમને ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ) ચલાવવાની મંજૂરી આપવામાં આવી હોય તેવી અને જેમને ઉ.મા. શાળા પ્રમાણપત્ર પરીક્ષા માટે ઈન્ડેક્ષ નંબર ફાળવેલ હોય તેવી બધી જ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉ.મા. શાળાઓના ઉમેદવારોએ બોર્ડ વખતોવખત નક્કી કરે તેવી શરતોને આધીન રહીને પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

(2) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી (CBSE), કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, ન્યુ દિલ્હી (CISCE)માં નોંધણી થયેલ અને જોડાણ ધરાવતી ગુજરાત રાજ્યમાં આવેલી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ) ધરાવતી માન્ય શાળાઓ પરીક્ષા માટે ઉમેદવાર મોકલી શકશે.

(3) ક્રમ 1 થી 2માં જણાવ્યા અનુસારની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/સંસ્થાઓ

   (1) બોર્ડે નિયત કરેલાં પત્રકો અને માહિતીપત્રકો, આવેદનપત્રો વગેરે નક્કી કરેલી તારીખોએ, નક્કી કરેલ રીતે ભરી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

   (2) બોર્ડ વખતોવખત નક્કી કરે તે મુજબના રજિસ્ટરો અને રેકર્ડ રાખશે.

   (3) પરીક્ષા સંચાલન અને તેને લગતી સવલતોમાં સહકાર આપશે.

   (4) બોર્ડ વખતોવખત આપે તેવી સૂચનાઓનો અમલ અને પાલન કરશે.

## 2.7 GUJCET માટે ઉમેદવારની પાત્રતા :

(i) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ કરેલ હોવી જોઈએ અથવા કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે રજિસ્ટ્રેશન કરેલ હોય તે વર્ષમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)ની અંતિમ પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય તેવા અને ઉપસ્થિત થવાની પાત્રતા ધરાવનાર ઉમેદવારો/ઉપસ્થિત થનાર હોય તેવા ઉમેદવારો.

(ii) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) ન્યુ દિલ્હી દ્વારા લેવામાં આવેલ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ) પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય શાળા મારફતે પાસ કરેલ હોવી જોઈએ અથવા કૉમન એન્ટરન્સ ટેસ્ટ માટે અરજી કરેલ હોય તે વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલ ઉક્ત માન્ય શાળા મારફતે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ) પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય તેવા ઉમેદવારો/ઉપસ્થિત થનાર હોય તેવા ઉમેદવારો.

(iii) કાઉન્સિલ ફૉર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (CISCE) ન્યુ દિલ્હી દ્વારા લેવામાં આવેલ ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ) પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય શાળા મારફતે પાસ કરેલ હોવી જોઈએ અથવા કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે અરજી કરેલ હોય તે વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલ ઉક્ત માન્ય શાળા મારફતે ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ) પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય તેવા ઉમેદવારો/ઉપસ્થિત થનાર હોય તેવા તમામ ઉમેદવારો.

(iv) મૂળ ગુજરાત રાજ્યના પરંતુ અન્ય રાજ્યમાં કેન્દ્ર/રાજ્ય સરકાર, સંરક્ષણ દળો કે કેન્દ્ર/રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ/કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના વારસદારો કે જેઓ તેમની ફરજના રાજ્યમાં આવેલ માન્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ) સાથે ઉત્તીર્ણ થયા હોય અથવા ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ) પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય/ઉપસ્થિત થનાર હોય તેવા તમામ ઉમેદવારો.

(v) અન્ય ઉમેદવારો કે જેઓ ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમ માટે 'જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ', એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ-380 015 દ્વારા વખતોવખત નક્કી થતાં પ્રવેશ નિયમોને આધીન રહીને જે ઉમેદવારો ઉક્ત અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા હોય તેવા કે જેઓએ ધોરણ 12 (10 + 2 તરાહ) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કરેલી હોય/અથવા ધોરણ 12 (10 + 2 તરાહ) વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઉપસ્થિત થવા આવેદનપત્ર ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો.

## 2.8 GUJCET માટે આવેદનપત્ર-માહિતી પુસ્તિકા મેળવવા બાબત :

(i) બોર્ડ દ્વારા નિયત કરેલ વેબ-સાઈટ દ્વારા ઓન-લાઈન અરજીપત્ર ભરવાનું રહેશે.

(ii) ઉમેદવારે ફક્ત એક જ અરજી કરવાની રહેશે.

(iii) GUJCET માટે દર વર્ષે નવેસરથી અરજી કરવાની હોય છે.

(iv) GUJCET - 2023 માટેની માહિતી પુસ્તિકા અને આવેદનપત્ર ભરવાની સૂચનાઓ બોર્ડની વેબ-સાઈટ ઉપર મૂકવામાં આવશે.

## 2.9 આવેદનપત્રની વિગતો ભરવા બાબતે :

(1) ઓન-લાઈન અરજીપત્ર વેબ-સાઈટ પર મૂકેલ સૂચનાઓનું સંપૂર્ણપણે પાલન કરી ભરવાનું રહેશે.

(2) આવેદનપત્ર સ્વીકાર કે અસ્વીકાર કરવા બાબતનો અંતિમ નિર્ણય અધ્યક્ષશ્રીનો રહેશે.

## 2.10 શાળા/સંસ્થાના વડાએ જરૂરી આધારોની ચકાસણી કરવા બાબત :

(A) વર્ષ-2023 પહેલાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)માં ઉત્તીર્ણ થયેલ ઉમેદવાર માટેની પાત્રતા :

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવામાં આવેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના ઉત્તીર્ણ ઉમેદવારો.

(2) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી (CBSE) દ્વારા લેવામાં આવેલ પરીક્ષામાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય શાળા મારફતે ઉત્તીર્ણ ઉમેદવારો.

(3) કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, ન્યુ દિલ્હી (CISCE) દ્વારા લેવામાં આવેલ પરીક્ષામાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય શાળા મારફતે ઉત્તીર્ણ ઉમેદવારો.

(4) મૂળ ગુજરાત રાજ્યના પરંતુ અન્ય રાજ્યમાં કેન્દ્ર/રાજ્ય સરકાર, સંરક્ષણ દળો કે કેન્દ્ર/રાજ્ય

સરકાર સંચાલિત બોર્ડ/કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના વારસદારો કે જેઓ તેમની ફરજના રાજ્યમાં આવેલ માન્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉત્તીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારો.

(5) ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમ માટે 'જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ', એડમિશન બિલ્ડિંગ, એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ-380 015 દ્વારા વખતોવખત નક્કી થતા પ્રવેશ નિયમોને આધીન રહીને જે ઉમેદવારો ઉક્ત અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા હોય તેવા ઉત્તીર્ણ ઉમેદવારો.

## 2.11 વર્ષ-2023માં ઉપસ્થિત થનાર ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)ની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવાર :

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ-12 વર્ષ 2023 માટે નોંધાયેલ ઉમેદવારો/ઉપસ્થિત ઉમેદવારો.

(2) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યુ દિલ્હી (CBSE) દ્વારા લેવામાં આવનાર વર્ષ-2023ની પરીક્ષામાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્યતા પ્રાપ્ત શાળાઓ મારફતે વિજ્ઞાન પ્રવાહમાં નોંધાયેલ ઉમેદવારો/ઉપસ્થિત ઉમેદવારો.

(3) કાઉન્સિલ ફોર ધ ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન, ન્યુ દિલ્હી (CISCE) દ્વારા લેવામાં આવનાર વર્ષ-2023ની પરીક્ષામાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્યતા પ્રાપ્ત શાળાઓ મારફતે વિજ્ઞાન પ્રવાહમાં નોંધાયેલ ઉમેદવારો/ઉપસ્થિત ઉમેદવારો.

(4) મૂળ ગુજરાત રાજ્યના પરંતુ અન્ય રાજ્યમાં કેન્દ્ર/રાજ્ય સરકાર, સંરક્ષણ દળો કે કેન્દ્ર/રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ/કોર્પોરેશનમાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના વારસદારો કે જેઓ તેમના ફરજના રાજ્યમાં આવેલ માન્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી વિજ્ઞાન પ્રવાહની (10 + 2 તરાહ)ની પરીક્ષામાં વર્ષ-2023 માટે નોંધાયેલ ઉમેદવારો/ઉપસ્થિત ઉમેદવારો.

(5) ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમ માટે 'જોઈન્ટ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ', એડમિશન બિલ્ડિંગ, એલ.ડી. કૉલેજ ઑફ એન્જિનિયરીંગ કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ-380 015 દ્વારા વખતોવખત નક્કી થતા પ્રવેશ નિયમોને આધીન રહીને જે ઉમેદવારો ઉક્ત અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્રતા ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારો કે જેઓ (10 + 2 તરાહ))ની પરીક્ષામાં વર્ષ 2023 માટે નોંધાયેલ ઉમેદવારો/ઉપસ્થિત ઉમેદવારો. શાળાના આચાર્યશ્રીએ ઉમેદવારે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (10 + 2 તરાહ) માર્ચ 2023 વિજ્ઞાન પ્રવાહ બૉર્ડની પરીક્ષા માટે આવેદનપત્ર ભરેલ છે તેની ચકાસણી કરવાની રહેશે.

**નોંધ :** આવેદનપત્ર સાથે કોઈ જ આધારો જોડવાના નથી.

## 2.12 પરીક્ષા ફી અંગે :

GUJCET ગુજકેટની પરીક્ષા ફી રૂ. ૩૫૦/૦૦ SBIyePay system મારફતે ONLINE (Credit card, Debit card, Net banking) દ્વારા અથવા SBIePay ના "SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઈ પણ SBI Branch માં ભરી શકાશે.

## 2.13 GUJCET પરીક્ષાના પ્રશ્નપત્રોનું માધ્યમ :

પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રહેશે. ઉમેદવારે આવેદનપત્રમાં માધ્યમ દર્શાવવું જરૂરી અને અનિવાર્ય છે.

## 2.14 GUJCET માટેના પરીક્ષા કેન્દ્રો :

### GUJCET માટેના પરીક્ષા કેન્દ્રો

| ક્રમ | સમાવિષ્ટ જિલ્લો | પરીક્ષા કેન્દ્રનું નામ | કેન્દ્ર નંબર |
|---|---|---|---|
| 1. | અમદાવાદ શહેર | અમદાવાદ | 201 |
| 2. | અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર | અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર | 202 |
| 3. | અમરેલી | અમરેલી | 203 |
| 4. | કચ્છ | ભૂજ | 204 |
| 5. | ખેડા | નડિયાદ | 205 |
| 6. | જામનગર | જામનગર | 206 |
| 7. | જૂનાગઢ અને દીવ પ્રદેશ | જૂનાગઢ | 207 |
| 8. | ડાંગ | આહવા | 208 |
| 9. | પંચમહાલ | ગોધરા | 209 |
| 10. | બનાસકાંઠા | પાલનપુર | 210 |
| 11. | ભરૂચ | ભરૂચ | 211 |
| 12. | ભાવનગર | ભાવનગર | 212 |
| 13. | મહેસાણા | મહેસાણા | 213 |
| 14. | રાજકોટ | રાજકોટ | 214 |
| 15. | વડોદરા | વડોદરા | 215 |
| 16. | વલસાડ અને દમણ-દાદરાનગર હવેલી પ્રદેશ | વલસાડ | 216 |
| 17. | સાબરકાંઠા | હિંમતનગર | 217 |
| 18. | સુરત | સુરત | 218 |
| 19. | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | 219 |
| 20. | આણંદ | આણંદ | 221 |
| 21. | પાટણ | પાટણ | 222 |
| 22. | નવસારી | નવસારી | 223 |
| 23. | દાહોદ | દાહોદ | 224 |
| 24. | પોરબંદર | પોરબંદર | 225 |
| 25. | નર્મદા | રાજપીપળા | 226 |
| 26. | ગાંધીનગર | ગાંધીનગર | 227 |
| 27. | તાપી | વ્યારા | 228 |
| 28. | અરવલ્લી | મોડાસા | 229 |
| 29. | બોટાદ | બોટાદ | 230 |
| 30. | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | 231 |
| 31. | દેવભૂમિ દ્વારકા | જામખંભાળિયા | 232 |
| 32. | ગીર સોમનાથ | વેરાવળ | 233 |
| 33. | મહિસાગર | લુણાવાડા | 234 |
| 34. | મોરબી | મોરબી | 235 |

**2.15 પરીક્ષામાં પ્રવેશ માટેનું "પ્રવેશપત્ર" :**

– બોર્ડ દ્વારા પરીક્ષાના 7 દિવસ પહેલાંથી દરેક ઉમેદવારો ઓન-લાઈન હોલ-ટિકિટ (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરી શકશે અથવા બોર્ડ દ્વારા મોકલવામાં આવશે.

**2.16 પ્રવેશપત્ર મળ્યા બાદની પ્રવિધિ :**

(1) (i) પ્રવેશપત્રની વિગતોની ખરાઈ કરી લેવી. જો કોઈ ક્ષતિ હોય તો તે અંગે GUJCET CELLનો તાત્કાલિક સંપર્ક કરી સ્પષ્ટતા/સુધારો મેળવી લેવો.

(ii) કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પરીક્ષા સ્થળ કે પરીક્ષા ખંડમાં અસલ પ્રવેશપત્ર સિવાય પ્રવેશ આપવામાં આવશે નહીં.

(iii) ઉમેદવાર પ્રવેશપત્રમાંની કોઈ વિગત/માહિતી જાતે ફેરફાર કરી શકશે નહીં.

(iv) ઉમેદવારોને સલાહ છે કે તેઓ તેમનું પ્રવેશપત્ર સારી હાલતમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખે.

(2) ઉમેદવારે પ્રવેશપત્રમાં બે વાર પોતાની સહી કરવાની રહેશે તેમજ ખંડ નિરીક્ષક પાસે સહી લેવાની રહેશે.

(i) પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા મળ્યા બદલના પુરાવારૂપે

(ii) OMR Answer Sheet (ઉત્તરપત્રિકા) ખંડ નિરીક્ષકને જમા કરાવ્યા બદલના પુરાવારૂપે

(3) **પ્રવેશપત્રમાં આપેલ વિગતો જેવી કે**

ઉમેદવારનું નામ, ફોટોગ્રાફ, GUJCETનું માધ્યમ, આવેદનપત્રમાં કરેલ સહીની છાપ અને પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડની વિગતો આપવામાં આવેલ છે. જે અંગે કોઈ ક્ષતિ હોય તો **પરિશિષ્ટ-5** મુજબના નમૂનામાં રૂબરૂમાં નીચે જણાવેલ સરનામા ઉપર રજૂઆત કરવાની રહેશે.

**મદદનીશ સચિવશ્રી,**
**"ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ"**
**C/o. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**જૂના સચિવાલય પાસે, સેક્ટર 10-B, ગાંધીનગર**

**2.17 પરીક્ષા પરિણામની સમયમર્યાદા અંગે :**

જે ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)માં ઉત્તીર્ણ હોય અને GUJCET માટે પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારનું GUJCET પરિણામ જે-તે શૈક્ષણિક વર્ષની મેરીટ યાદી પૂરતું જ ધ્યાને લેવામાં આવશે. અન્ય વર્ષમાં ધ્યાને લેવામાં આવશે નહીં. GUJCET પરીક્ષા જે તે શૈક્ષણિક વર્ષ માટેની મેરીટ યાદી માટે માન્ય રહેશે. આમ, ઉમેદવારે નવા શૈક્ષણિક વર્ષ માટે ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે GUJCETની પરીક્ષા પુનઃ આપવાની રહેશે. એટલે કે વર્ષ 2023-24ના શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ માટે GUJCET-2023 આપવાની રહેશે.

## 3. પરીક્ષા દરમિયાન અનુસરવા માટેની સૂચનાઓ :

**3.1 પરીક્ષા સમયપત્રક :**

| અ.નં. | વિષય | તારીખ | સમય |
|---|---|---|---|
| (1) | ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર | હવે પછી | 10-00 થી 12-00 |
| (2) | જીવવિજ્ઞાન | જાહેર કરવામાં | 13-00 થી 14-00 |
| (3) | ગણિત | આવશે | 15-00 થી 16-00 |

પરીક્ષાની તારીખમાં કોઈ ફેરફાર થશે તો પ્રચાર માધ્યમો દ્વારા તેની પૂરતી જાહેરાત કરવામાં આવશે.

**નોંધ :** ઉમેદવારોએ પરીક્ષા આપવા માટે **પરિશિષ્ટ-7માં** દર્શાવેલ સમયપત્રક મુજબ પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે અને જરૂરી સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

### 3.2 પરીક્ષા સ્થળની વ્યવસ્થા :

(i) દરેક પરીક્ષા ખંડમાં વધુમાં વધુ 20 ઉમેદવારોને બેસાડવામાં આવશે.

(ii) બે ઉમેદવાર વચ્ચે પાંચ ફૂટનું અંતર અનિવાર્ય છે. તે મુજબ બેઠક વ્યવસ્થા કરવામાં આવશે.

(iii) પ્રવેશપત્ર સિવાય કોઈ પણ ઉમેદવારને પરીક્ષા સ્થળમાં પ્રવેશ મળશે નહીં.

(iv) જે તે પરીક્ષા સ્થળ ઉપર ફાળવેલ ઉમેદવારોના બેઠક નંબરો જે તે પરીક્ષા સ્થળના સ્થળ સંચાલક દ્વારા પરીક્ષાના અગાઉના દિવસે જોવા માટે વ્યવસ્થા કરવામાં આવશે.

(v) પરીક્ષા સ્થળમાં ઉમેદવારને પ્રવેશપત્ર સિવાય પ્રવેશ આપવામાં આવશે નહીં અને ઉમેદવાર સિવાય કોઈ પણ વ્યક્તિને પરીક્ષાના દિવસે પ્રવેશ મળશે નહીં.

### 3.3 પરીક્ષા ખંડમાં ઉમેદવારોને પ્રવેશ અને જરૂરી નોંધણી :

(i) **પરિશિષ્ટ-7** મુજબના સમયપત્રક મુજબ ઉમેદવારોએ પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

(ii) જો કોઈ ઉમેદવાર પરીક્ષા શરૂ થયાના સમય પછી પરીક્ષા ખંડમાં પ્રવેશવા માટે આવશે તો તેમને કોઈપણ સંજોગોમાં પ્રવેશ મળશે નહીં.

(iii) જો કોઈ ઉમેદવાર પરીક્ષા પ્રશ્નપત્ર શરૂ થવાના સમય દરમિયાન જ પ્રવેશ મેળવે તો પ્રવેશ મળશે, પરંતુ પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા ઉપર ભરવાની વિગતો માટે અલગથી વધારાનો સમય મળશે નહીં, જેની નોંધ લેવી.

(iv) જો ઉમેદવાર નિર્ધારિત સમયપત્રક કરતા મોડા પડશે તો કેટલીક મહત્ત્વની સામાન્ય સૂચનાઓ ગુમાવશે.

(v) ઉમેદવારે પ્રવેશપત્રમાં આપેલ બેઠક નંબરવાળી જે તે પરીક્ષાખંડની બેઠક વ્યવસ્થા ઉપર જ બેસવાનું રહેશે.

(vi) પરીક્ષાખંડમાં પ્રવેશ માટે બોર્ડ દ્વારા અપાયેલ પ્રવેશપત્ર જે તે પરીક્ષાખંડના નિરીક્ષકને બતાવવાનું રહેશે. પ્રવેશપત્ર સિવાય પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહીં.

(vii) પરીક્ષાખંડમાં જે તે ઉમેદવાર સિવાય કોઈ પણ અન્ય વ્યક્તિને પ્રવેશ મળશે નહિ.

(Viii) પરીક્ષાખંડમાં કોઈ પણ જાતની સામગ્રી જેવી કે, પાઠ્યપુસ્તક, અન્ય સંદર્ભ સાહિત્ય, સ્લાઇડ રૂલ્સ, લૉગ- ટેબલ છાપેલું કે લખેલું, ઝેરોક્ષ કરેલું લખાણ, ચિઠ્ઠીઓ, મોબાઇલ ફોન, પેજર, અન્ય કોઈ પણ સાધનો કે સાહિત્ય લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહીં. ફક્ત પ્રવેશપત્ર અને સાદું કેલક્યુલેટર જ પરીક્ષાખંડમાં લઇ જઈ શકાશે.

(ix) પરીક્ષાખંડમાં પ્રવેશી પરીક્ષા શરૂ થયા પહેલાં હાજરી અંગેની નોંધણી, પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરવહી ઉપર નોંધવાની વિગતો સુવાચ્ય રીતે અને સૂચના મુજબ નોંધવાની રહેશે. ખોટી/અધૂરી/અસ્પષ્ટ વિગતોને કારણે ભવિષ્યમાં મુશ્કેલી ન પડે તેની કાળજી લેવી.

(x) ઉમેદવારે પ્રવેશપત્ર મુજબના બેઠક નંબર અને બ્લોક નંબર ઉપરથી પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. ઉમેદવાર તેને ફાળવેલ બ્લોક નંબર અને બેઠક નંબર સિવાય અન્ય બ્લોકમાંથી/બેઠક નંબર ઉપરથી ઉપસ્થિત થશે તો તેની ઉમેદવારી રદ થશે.

(xi) ઉમેદવાર **પરિશિષ્ટ-7માં** પરીક્ષા માટે દર્શાવેલ પરીક્ષા શરૂ થયાના સમય પછી આવશે તો તેમણે કોઈ પણ સંજોગોમાં પરીક્ષાખંડ/પરીક્ષા સ્થળમાં પ્રવેશ મળશે નહીં.

(xii) ઉમેદવારને પરીક્ષા પૂર્ણ થયા પહેલાં પરીક્ષાખંડ છોડવાની છૂટ આપવામાં આવશે નહીં.

(xiii) પરીક્ષા દરમિયાન કોઈ ઉમેદવાર ચા, કૉફી, ઠંડાપીણા અથવા નાસ્તો લઈને પરીક્ષાખંડમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષાખંડમાં ધુમ્રપાન નિષેધ છે.

(xiv) ઉત્તરપત્રિકામાં ઉત્તરો દર્શાવવા માટે અને વિગતો ભરવા માટે સારી જાતની કાળી શાહીવાળી બોલપેન ઉમેદવારે પોતાની સાથે લાવવાની રહેશે.

(xv) પ્રશ્નપુસ્તિકાના કુલ પાનાની સંખ્યા પ્રશ્નપુસ્તિકાના પ્રથમ પાના ઉપર આપવામાં આવેલી હશે, તેટલી જ સંખ્યામાં પ્રશ્નપુસ્તિકાના પાના છે કે નહીં તે ઉમેદવારે ઉત્તરપત્રિકા કે પ્રશ્નપુસ્તિકાની વિગતો ભરતા પહેલાં ચેક કરી લેવાની રહેશે. પ્રશ્નપુસ્તિકાનું કોઈ પણ પાનું કોરું, ફાટેલું હોય તો તુરંત જ ખંડ નિરીક્ષકનું ધ્યાન દોરવું. ખંડ નિરીક્ષક પ્રશ્નપુસ્તિકા પરત લઈને નવી પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા આપશે.

## 3.4 પરીક્ષાખંડમાં સમયપાલન :

(i) પરીક્ષા દરમિયાન નિયત કરેલ તારીખે અને નિશ્ચિત કરેલ સમયે ઉમેદવારે પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે. કોઈ પણ કારણસર નિશ્ચિત કરેલ સમયમર્યાદા બાદ આવનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં પ્રવેશની તક મળશે નહીં.

(ii) પરીક્ષા પ્રવેશપત્રમાં આપેલ તારીખ અને સમય મુજબ જ શરૂ થશે અને પૂર્ણ થશે.

(iii) પરીક્ષા દરમિયાન પરીક્ષા શરૂ થયાથી અડધા કલાકના સમયાંતરે વોર્નિંગ બેલ દ્વારા સિગ્નલ આપવામાં આવશે અને પરીક્ષા પૂર્ણ થવાના સમયની પાંચ મિનિટ પહેલાં વોર્નિંગ બેલ દ્વારા તાકીદ કરવામાં આવશે. પરીક્ષાનો સમય પૂર્ણ થયે લાંબા વોર્નિંગ બેલ દ્વારા ઘોષણા કરવામાં આવશે. સમય પૂર્ણ થયાની ઘોષણા થતા ઉમેદવારોએ ઉત્તરપત્રિકામાં ઉત્તર આપવા માટેની પ્રક્રિયા કામગીરી બંધ કરવાની રહેશે. તરત જ ઉત્તરપત્રિકા ઉપર નિયત કરેલ જગ્યાએ **પરિશિષ્ટ-10B** મુજબ ખાખી સ્ટીકર ચોંટાડીને ખંડ નિરીક્ષકને ઉત્તરપત્રિકા સુપ્રત કરવાની રહેશે અને ઉત્તરપત્રિકા ખંડ નિરીક્ષકને પરત કર્યા બદલ **પરિશિષ્ટ-8** મુજબના પત્રક-01 તેમજ પ્રવેશપત્રમાં ખંડ નિરીક્ષકની અને ઉમેદવારે સહી કરવાની રહેશે.

(iv) જે ઉમેદવારો નિયત કરેલ તારીખ અને સમયના રોજ કોઈ પણ કારણસર ઉપસ્થિત રહેશે નહીં તો તેવા ઉમેદવારની પુનઃપરીક્ષા કોઈ પણ સંજોગોમાં લેવામાં આવશે નહીં.

## 3.5 પરીક્ષાખંડમાં હાજરી બાબત :

પરીક્ષા ખંડમાં ઉમેદવાર પોતે હાજર છે તે માટે તેમને આપવામાં આવેલ પ્રવેશપત્રમાં પરીક્ષા ખંડના ખંડ નિરીક્ષકની સહી લેવી, તેમજ હાજરી અંગેના **પરિશિષ્ટ-8** મુજબના પત્રક 01માં હાજર રહ્યા બદલની ઉમેદવારે સહી કરવાની રહેશે. ઉત્તરપત્રિકામાં નિયત કરેલ જગ્યાએ ઉમેદવારે સહી કરવી તેમજ ખંડ નિરીક્ષકની સહી લેવાની રહેશે. ઉમેદવારે હાજરીપત્રક (પત્રક-01)માં બે વાર સહી કરવાની રહેશે.

1. પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા બંને એક જ પ્રકારના કોડની મળ્યા બદલના પુરાવા રૂપે
2. OMR Answer Sheet ખંડ નિરીક્ષકને જમા કરાવ્યા બદલના પુરાવા રૂપે

## 3.6A પરીક્ષાખંડમાં પ્રશ્નપુસ્તિકા અને OMR Answer sheet વિતરણ :

(i) પરીક્ષાખંડમાં જેટલા ઉમેદવારોની બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવેલ હશે તેટલી પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા ઉપલબ્ધ રહેશે.

(ii) પ્રશ્નપુસ્તિકાની સાથે **OMR Answer sheet** આપવામાં આવશે. પ્રશ્નપુસ્તિકાના ઉપરના ભાગે 1 to 20 પૈકી જે પ્રકારની પ્રશ્નપુસ્તિકા હોય તે પ્રકારની **OMR Answer sheet** ઉપર પણ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર પ્રિન્ટ કરેલો હશે. ઉપરાંત ઉમેદવારે ઉત્તરપત્રિકામાં, પત્રક-01 અને પ્રવેશપત્રમાં નિયત કરેલ કોલમમાં (ખાનામાં) પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર સ્વહસ્તાક્ષરમાં લખવાનો/દર્શાવવાનો રહેશે.

(iii) OMR Answer sheet માં પ્રિ-પ્રિન્ટેડ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર આપેલ હશે. ઉમેદવારે તેમને આપવામાં આવેલ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર અને ઉત્તરપત્રિકા ઉપરનો પ્રિન્ટેડ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર એકસરખો હોવાની ખાતરી કરવી.

(iv) જો પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર અને ઉત્તરપત્રિકા ઉપરનો પ્રિ-પ્રિન્ટેડ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર અલગ-અલગ હોય તો ખંડ નિરીક્ષકનું ધ્યાન દોરવું અને ખંડ નિરીક્ષકે પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા એક જ પ્રકારની ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(v) પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકાના પ્રકાર ચકાસ્યા બાદ જ ઉત્તરપત્રિકા અને પ્રશ્નપુસ્તિકા ઉપરની વિગતો ભરવી.

(vi) પરીક્ષાખંડમાં પ્રશ્નપુસ્તિકા સિલબંધ પેકેટમાંથી મળેલ હોય તે જ ક્રમમાં પરીક્ષા ખંડના દરેક ઉમેદવારને વહેંચવાની રહેશે. આ અંગે ખંડ નિરીક્ષકને ઇલાયદી સૂચનાઓ આપવામાં આવશે.

(vii) પરીક્ષાખંડમાં જો કોઈ ઉમેદવાર ગેરહાજર હોય તો તે ક્રમમાં આવતી પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરપત્રિકા તેના બેઠક ક્રમાંક ઉપર મૂકવી અને પરીક્ષા શરૂ થયા બાદ પરત લઈને કેન્દ્ર સંચાલકને સુપ્રત કરવી અને ખંડનિરીક્ષકને ગેરહાજર ઉમેદવારની OMRમાં Abનું વર્તુળ ઘટ્ટ કરી તે OMRને બ્લોકના હાજર ઉમેદવારોની OMR સાથે સિલબંધ કરશે.

### 3.6B પ્રશ્નપુસ્તિકા ઉપરની વિગતોનો અભ્યાસ કરી વિગતો ભરવા બાબત :

(i) પ્રશ્નપુસ્તિકા ઉપર પ્રિન્ટ કરેલ પ્રશ્નપુસ્તિકાના પ્રકાર મુજબનો જ પ્રકાર ઉત્તરપત્રિકા પર છે કે નહીં તે ચેક કરવું.

(ii) પ્રશ્નપુસ્તિકા ઉપરની વિગતો ભરવી.

(iii) પ્રશ્નપુસ્તિકા ઉપર પ્રશ્નપુસ્તિકાના કુલ પાનાની સંખ્યા દર્શાવેલ હશે જે મુજબ પ્રશ્નપુસ્તિકાના પાનાની સંખ્યા ચેક કરી લેવી. કોઈ પાના અપૂર્ણ/ન વાંચી શકાય તેવા/ન હોય/ફાટેલું હોય તો ખંડ નિરીક્ષકનું ધ્યાન દોરવું.

(iv) પ્રશ્નપુસ્તિકાનું સીલ (લૉક સ્ટીકર) ખંડ નિરીક્ષકની સૂચના મળ્યે ખોલવાનું રહેશે.

(v) રફકામ માટે પ્રશ્નપુસ્તિકામાં દરેક પાના ઉપર સૌથી નીચે નિશ્ચિત જગ્યા રહેશે, ઉપરાંત પ્રશ્નપુસ્તિકાના સૌથી છેલ્લા પાના ઉપર જગ્યા આપવામાં આવશે.

### 3.7 ઉમેદવારોએ ઉત્તરપત્રિકા ઉપર નોંધવાની વિગતો. **પરિશિષ્ટ-9A, 9B, 9C**

(i) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં બારકોડ સ્ટીકર ચોંટાડવાની પ્રવિધિ કરવાની છે. આ અંગે વધુ અભ્યાસ માટે **પરિશિષ્ટ-10-A** નો નમૂનો ધ્યાને લેશો.

(ii) ઉત્તપત્રિકામાં Side A ઉપરના Section-II માં ઉમેદવારનો બેઠક નંબર અંકોમાં અને શબ્દોમાં પ્રવેશપત્ર મુજબ લખવાનો રહેશે.

(iii) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં ઉમેદવારે પ્રવેશપત્રમાં દર્શાવેલ કેન્દ્ર નંબર લખવાનો રહેશે.

(iv) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં ઉમેદવારે ઓનલાઈન એપ્લિકેશન રજિસ્ટ્રેશનમાં જે પ્રકારે સહી કરેલ છે તે જ મુજબ OMRમાં સહી કરીને તે જ મુજબની સહી અહીં કરવાની રહેશે.

(v) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં પરીક્ષાની તારીખ ચેક કરી લેવાની રહેશે.

(vi) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં ઉમેદવારને તેમના ખંડનિરીક્ષક તરફથી આપવામાં આવેલ બારકોડ સ્ટીકર તેમના જ બેઠક નંબરનું છે કે નહીં તે ચકાસીને નિયત કરેલ જગ્યા ઉપર જ ચોંટાડવાનું રહેશે.

(vii) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં ઉમેદવારને જે પ્રશ્નપુસ્તિકા આપવામાં આવેલી છે તે પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર લખવાનો રહેશે અને ઉત્તરપત્રિકામાં પ્રિન્ટેડ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર પણ પ્રશ્નપુસ્તિકા મુજબનો જ છે તેની ખરાઈ કરવાની રહેશે.

(viii) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં વિગતો ભર્યા બાદ તમારા ખંડનિરીક્ષક પાસે તમો હાજર છો તેના પુરાવારૂપે તેમ જ જે પ્રકારની પ્રશ્નપુસ્તિકા છે તે જ પ્રકારની ઉત્તરપત્રિકા ઉમેદવારને મળેલ છે તેમજ બારકોડ સ્ટીકરની વિગતો, પ્રવેશપત્રની વિગતો અને ઉમેદવારે ઉત્તરપત્રિકા ઉપર ભરેલી વિગતોની ખરાઇ કર્યા બદલ પત્રક 01 અને પ્રવેશપત્રમાં ખંડ નિરીક્ષકની સહી લઇને ક્રમ નં. 9ના ખાનામાં ખંડનિરીક્ષકની સહી લેવાની રહેશે.

(ix) ઉત્તરપત્રિકામાં Side A ઉપરના Section-II માં તમામ વિગતો ભર્યા બાદ ખંડનિરીક્ષકની સૂચના મળે પરીક્ષા પૂર્ણ થયા બાદ નિયત કરેલ જગ્યા ઉપર **પરિશિષ્ટ-10-B** માં દર્શાવ્યા મુજબના નમૂનાનું ખાખી સ્ટીકર ઉમેદવારે લખેલ વિગતો અને બારકોડ સ્ટીકરની વિગતો ઢંકાય તે રીતે ચોંટાડવાનું રહેશે.

### 3.8A ઉત્તરપત્રિકામાં ઉત્તરો દર્શાવવા માટેની પદ્ધતિ : **પરિશિષ્ટ-9A, 9B, 9C**

(i) ફક્ત કાળી શાહીવાળી બોલ પોઇન્ટ પેનનો ઉપયોગ કરીને ઉત્તરપત્રિકામાંનું વર્તુળ સંપૂર્ણ ઘાટું કરવાનું રહેશે. (એટલે કે વર્તુળ સંપૂર્ણ કાળા રંગથી રંગવાનું રહેશે. દા.ત., ●) કાળી શાહીવાળી બોલ પોઇન્ટ પેન સિવાય અન્ય પેન કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં તેમજ કોઈ પણ પ્રકારના રીમુવરનો ઉપયોગ કરી શકાશે નહીં. જો આ સૂચનાનું ઉલ્લંઘન ઉમેદવાર દ્વારા થશે તો ઉમેદવારી રદ ગણાશે.

(ii) વર્તુળ સંપૂર્ણપણે કાળી શાહી વાળી બોલપેનથી ઘાટું કરવું આવશ્યક અને ફરજિયાત છે.

(iii) એક વાર કોઈ પણ પ્રશ્નના પ્રત્યુત્તરમાં વર્તુળ ઘાટું કર્યા બાદ તે જ પ્રશ્નના અન્ય પ્રત્યુત્તર માટે વર્તુળ કરી શકાશે નહીં. એટલે કે એક વાર પ્રત્યુત્તર આપ્યા બાદ કોઈ ફેરફાર થઇ શકશે નહીં.

(iv) વર્તુળ આછું કે અપૂર્ણ ઘાટું હશે તો Optical Scanner દ્વારા વાંચી શકાશે નહીં તેથી આવા કિસ્સામાં તે પ્રત્યુત્તર ખોટો ગણીને ગુણ આપવામાં આવશે. જેથી ઉમેદવારે વર્તુળ સંપૂર્ણપણે ઘાટું કરવાનું રહેશે.

(v) જે તે પ્રશ્નની સામે આપેલ પ્રત્યુત્તરની નિશ્ચિત જગ્યામાં જ અને જે તે પ્રત્યુત્તરના વર્તુળમાં જ નિશાની (વર્તુળ પૂર્ણ ઘાટું) કરવાની રહેશે.

(vi) જે તે વિષયમાં નિશ્ચિત પ્રશ્નો મુજબ ઉત્તરપત્રિકામાં તેના પ્રત્યુત્તર આપવા માટે તેટલી જ સંખ્યામાં પ્રત્યુત્તરો OMR Answer sheet નમૂના મુજબ આપવામાં આવશે.

(vii) ઉત્તરપત્રિકામાં પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાની પ્રવિધિ નીચે મુજબ છે. જે ધ્યાને લઇ અન્ય પ્રશ્નોના ઉત્તરો આપવાના રહેશે.

દા.ત., (12) "Gateway of India" નીચેનામાંથી કયા શહેરમાં આવેલો છે ?

(A) મુંબઇ (B) દિલ્હી

(C) મદ્રાસ (D) કલકત્તા

ઉપરોક્ત પ્રશ્નનો સાચો પ્રત્યુત્તર 'A' મુંબઈ છે, ઉમેદવારે ઉત્તરપત્રિકામાં પ્રશ્ન ક્રમાંક-12ની સામેના વર્તુળમાં પ્રત્યુત્તર માટેના 'A' સામેના વર્તુળને કાળી શાહીવાળી બોલ પોઇન્ટ પેન વડે નીચે દર્શાવ્યા મુજબ ઘાટું કરવાનું રહેશે.

12 A ● B ○ C ○ D ○

(viii) જો ઉમેદવાર કોઈ પણ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવા ન ઇચ્છતો હોય તો તેને તે પ્રશ્નની સામેના પ્રત્યુત્તરમાં વર્તુળો કોરા છોડી દઇને આગળના પ્રશ્નનો પ્રત્યુત્તર આપવો.

(ix) ઉમેદવારોએ ઉત્તરપત્રિકાને વાળવી નહીં કે કોઈ પણ જગ્યાએ ઘડ ન પડે તેવી કાળજી લેવી. ઉત્તરપત્રિકા જે પરિસ્થિતિમાં મળેલ છે તેવી જ સારી પરિસ્થિતિમાં ખંડ નિરીક્ષકને સુપ્રત કરવી. ઘડ પડેલ કે વળેલી ઉત્તરપત્રિકાનું મૂલ્યાંકન કરવામાં કોઈ મુશ્કેલી થશે તો તે અંગેની જવાબદારી ઉમેદવારની રહેશે.

## 3.8B એકવાર પ્રત્યુત્તર આપ્યા બાદ કોઈ ફેરફાર કરવો નહીં :

(i) ઉમેદવાર પોતે જે તે પ્રશ્નના સાચા પ્રત્યુત્તર આપવા માટે પૂરેપૂરા સંમત હોય ત્યાર બાદ જ તેમને જે તે પ્રશ્નની સામેના પ્રત્યુત્તરનું વર્તુળ ઘાટું કરવું. જો ઉમેદવારને પ્રશ્નના પ્રત્યુત્તર બાબતે શંકા હોય તો સલાહ છે કે તેઓએ કોઈ પણ પ્રત્યુત્તરમાં વર્તુળ ઘાટું કરવું નહીં. એટલે કે ખાલી (Blank) છોડવું. એક વાર વર્તુળ ઘાટું કર્યા બાદ એટલે કે પ્રત્યુત્તરમાં નિશાની કર્યા બાદ પ્રત્યુત્તર આપવામાં કોઈ ફેરફાર કરેલ હશે તો તે માન્ય રહેશે નહીં અને આવા પ્રત્યુત્તરના માઇનસ ગુણ (Minus Mark) નિયમ અનુસાર ગણવામાં આવશે.

ખોટી રીત સાચી રીત



## 3.9 મૂલ્યાંકન પદ્ધતિ :

ઉત્તરપત્રિકા OMR સિદ્ધાંત આધારે ચકાસણી કરવામાં આવશે. કોમ્પ્યૂટર દ્વારા પ્રત્યુત્તર (ઉત્તરો)નું વાંચન કરી ગુણાંકન આપવામાં આવશે.

(i) દરેક હેતુલક્ષી પ્રશ્નનો ગુણભાર 01 (One) છે. પ્રત્યેક સાચા જવાબ માટે 1(One) ગુણ આપવામાં આવશે.

(ii) એક હેતુલક્ષી પ્રશ્નનો ખોટો જવાબ આપેલ હોય તો 0.25 (1/4) ગુણ ઓછા (Minus Mark) કરવામાં આવશે.

(iii) એક જ હેતુલક્ષી પ્રશ્નના ચાર વિકલ્પો (પ્રત્યુત્તર) પૈકી વિદ્યાર્થીએ બે કે તેથી વધુ (એક કરતાં વધુ) વિકલ્પો (પ્રત્યુત્તર) ઉપર નિશાની કરેલ હશે તો 1 (One) ગુણ ઓછો (Minus Mark) કરવામાં આવશે.

(iv) ઉમેદવાર સાચા પ્રત્યુત્તર માટે પોતે ચોક્કસ ન હોય તો સલાહ છે કે તેઓએ તેવા હેતુલક્ષી પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાનું ટાળવું જેથી ગુણ ઓછા (Minus Mark) થાય નહીં.

(v) ઉત્તરપત્રિકામાં બે જગ્યાએ પ્રશ્નપુસ્તિકાનો પ્રકાર (1 to 20) પ્રિન્ટ કરેલ હશે. તેમ જ ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ઉપર પ્રિન્ટ થયેલ પ્રકાર (1 to 20) ચેક કરીને ઉત્તરપત્રિકા, પત્રક-01, પ્રવેશપત્રમાં વિગતો ભરીને સહી આપેલ છે. તેથી મૂલ્યાંકન માટે ઉત્તરપત્રિકા ઉપર પ્રિન્ટેડ પ્રકાર જ આખરી ગણાશે.

### 3.10 પરીક્ષાખંડમાં કેટલાક કિસ્સામાં રફકામ કરવા અંગે :

પરીક્ષાખંડમાં કોઈ પણ વિષયમાં રફકામ કરવાનું થાય તો પ્રશ્નપત્રિકામાં આપવામાં આવેલ નિયત જગ્યામાં રફકામ કરી શકાશે, તે સિવાય અન્ય કોઈ પણ જગ્યાએ રફકામ કરવું નહીં. ઉમેદવાર માત્ર સાદું કેલક્યુલેટર વાપરી શકશે.

### 3.11 પરીક્ષા પ્રવેશ રદ થવા બાબત :

(1) જો કોઈ કેસમાં એવું માલુમ પડે કે ઉમેદવારને GUJCET પરીક્ષામાં આપેલ પ્રવેશ ભૂલથી, અનીતિથી, છળકપટથી કે અનુચિત રીતે અપાયેલો છે અથવા તો સૌથી ઉપલા વર્ગમાં તેને અપાયેલો પ્રવેશ જ જો અનિયમિત માલુમ પડે તો ઉમેદવારનું નામ પરીક્ષા માટે નોંધાયેલા ઉમેદવારોની યાદીમાં દાખલ કરાયેલું હોય અને/અથવા ઉમેદવાર, પરીક્ષાના એક અથવા વધારે વિષયોમાં ખરેખર ઉપસ્થિત થયો હોય તેમ છતાં પણ ઉમેદવારનો પરીક્ષામાં અપાયેલો પ્રવેશ રદ કરવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે.

(2) કોઈ કેસમાં ઉમેદવારને GUJCET પરીક્ષા માટે મોકલનાર શાળાના વડા, જો ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (10 + 2 તરાહ)નું આવેદનપત્ર રદ કરાવે તો GUJCET પરીક્ષા શરૂ થયાના 1 માસ પહેલાં આ માટેના કારણો જણાવીને બોર્ડના અધ્યક્ષ સમક્ષ રજૂ કરવાના રહેશે. ઉમેદવારનું નામ પરીક્ષા માટે નોંધાયેલા ઉમેદવારોની યાદીમાં દાખલ કરાયેલું હોય અને/અથવા ઉમેદવાર, પરીક્ષામાં ખરેખર ઉપસ્થિત થયો હોય તેમ છતાં પણ ઉમેદવારનો પરીક્ષામાં અપાયેલો પ્રવેશ રદ કરવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે.

### 3.12 ઉમેદવારની પરીક્ષા સંબંધી ગેરવર્તણૂક માટેની શિક્ષા :

(i) પરીક્ષા દરમિયાન કોઈ પણ ઉમેદવારે પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારનું સાહિત્ય લાવવાનું રહેશે નહીં અને પરીક્ષાખંડમાં ઉમેદવારે આજુબાજુ કે આગળ પાછળ કોઈ ઉમેદવાર સાથે કોઈ પણ જાતની વાતચીત કરવી નહીં. આમ, જો કોઈ ઉમેદવાર કોઈ પણ વિષયનું સાહિત્ય કે આજુબાજુમાં અન્ય ઉમેદવાર સાથે વાતચીત કરતા પકડાશે કે પ્રશ્નપુસ્તિકામાં, ઉત્તરવહીમાં કોઈ પણ પ્રકારની નિશાની ઓળખ માટેના ચિહ્નો કે લખાણ કરવામાં આવશે કે GUJCET નાં પરીક્ષા પદ્ધતિના કોઈપણ નિયમોનો ભંગ કરશે તો ગેરરીતિનો કેસ નોંધી પરીક્ષા સમિતિ સમક્ષ સુનાવણી રાખી નિર્ણય લેવામાં આવશે. પરીક્ષા સમિતિએ લીધેલ નિર્ણય આખરી ગણાશે.

(ii) જો એવું માલુમ પડે કે જે ઉમેદવારે પરીક્ષામાં પ્રવેશ માટે આવેદનપત્ર મોકલાવ્યું હોય તે સિવાયની અન્ય વ્યક્તિ ઉમેદવારને નામે આવા ઉમેદવારની સંમતિ કે જાણ સાથે/સિવાય પરીક્ષામાં ઉપસ્થિત થઈ છે અથવા તેણે ઉપસ્થિત થવા પ્રયત્ન કર્યો છે તો તે ઉમેદવારનું પરિણામ રદ કરવામાં આવશે. વધારામાં આવા ઉમેદવારને, દરેક કેસમાં પરીક્ષા સમિતિ નક્કી કરે તેટલા સમય સુધી પરીક્ષામાં ઉપસ્થિત થવામાંથી બાકાત રાખવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે.

(iii) જો કોઈ ઉમેદવાર, પરીક્ષાના યોગ્ય સંચાલન માટે નક્કી કરેલા નિયમો પૈકીના કોઈ નિયમના ભંગ માટે કે પરીક્ષામાં ગેરવર્તન માટે દોષિત માલુમ પડે અથવા તે નકલ કરતો માલુમ પડે તો પરીક્ષા કેન્દ્ર નિયામક નિયમોનુસાર કાર્યવાહી કરશે.

કેન્દ્ર નિયામક પછી આ બાબતનો રિપોર્ટ પરીક્ષા સમિતિને મોકલી આપશે. આ રિપોર્ટ પરથી કે બીજી રીતે પરીક્ષા સમિતિને સંતોષ થાય કે ઉમેદવાર પરીક્ષા સંબંધી કોઈ ગેરવર્તન માટે દોષિત છે

તો ઉમેદવાર જે પરીક્ષામાં ઉપસ્થિત થયો હોય તે પરીક્ષાનું તેનું પરિણામ રદ કરવાનો અને તેને કાયમ માટે અથવા તેમને યોગ્ય જણાય તેવી અમુક ચોક્કસ મુદત માટે, પરીક્ષામાંથી બાકાત રાખવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે.

(iv) જો એવું માલુમ પડે કે બોર્ડે ઉમેદવારને આપેલા પ્રવેશપત્ર કે ગુણપત્રક સાથે કોઈ રીતે ચેડાં કરવામાં આવ્યાં છે અથવા તેમાં કરેલી નોંધમાં અનધિકૃત રીતે ફેરફાર કરેલો છે કે તેની સાથે ચેડાં કરેલાં છે તો આવું પ્રવેશપત્ર જપ્ત કરવાનો અને રદ કરવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે. અને જો પરીક્ષા સમિતિને ખાતરી થાય કે, આવો અનધિકૃત ફેરફાર કે ચેડાં ઉમેદવારે જાતે જ કર્યાં હશે તો સંબંધિત ઉમેદવારને આવા દરેક કેસમાં નક્કી કરે એટલા સમય સુધી પરીક્ષામાંથી બાકાત રાખવાનો અધિકાર પણ પરીક્ષા સમિતિને રહેશે.

(v) જો એવું માલુમ પડશે કે ઉમેદવારે માહિતી પુસ્તિકાના કોઈ પણ નિયમ કે પરીક્ષા સંચાલનના નિયમ હેઠળ GUJCET પરીક્ષામાં ઉપસ્થિત થવાની પરવાનગી ગેરવાજબી રીતે અથવા અનીતિ વાપરીને મેળવેલી છે, તો તેની નોંધણીનું પ્રમાણપત્ર અને પરીક્ષામાં પ્રવેશ રદ કરવાનો અને જે પરીક્ષામાં ઉમેદવાર ઉપસ્થિત થયો હોય તેનું પરિણામ રદ કરવાનો, પરીક્ષા સમિતિને અધિકાર રહેશે અને વધારામાં આવા ઉમેદવારોને તેઓ નક્કી કરે તે સમય સુધી પરીક્ષામાં ઉપસ્થિત થવામાંથી બાકાત રાખવાનો કે તેમને યોગ્ય લાગે તેવું કોઈ પગલું લેવાનો પરીક્ષા સમિતિને અધિકાર રહેશે. આવા ઉમેદવારે આપેલી બધી જ ફી જપ્ત કરાશે.

(vi) ઉમેદવારે પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીક્ષાખંડ છોડ્યા પહેલાં ઉત્તરપત્રિકા ફરજ પરના ખંડનિરીક્ષકને સોંપીને પત્રક 01માં ઉત્તરપત્રિકા પરત કર્યા બદલની સહી કરવાની રહેશે. જો કોઈ ઉમેદવાર ઉત્તરપત્રિકા સોંપ્યા સિવાય ઉત્તરપત્રિકા લઈને જતો રહેશે તો તે ઉમેદવાર સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે.

(vii) ઉમેદવાર દ્વારા તેને આપવામાં આવેલ પ્રશ્નપુસ્તિકાના પાના ફાડી નાખશે, ઉત્તરપત્રિકા ફાડી નાખે, ઉત્તરપત્રિકાને નુકશાન કરે કે બારકોડ સ્ટીકરને નુકસાન કરશે તો તે ઉમેદવાર સામે ગેરરીતિનો કેસ નોંધવામાં આવશે.

(viii) **પરિશિષ્ટ-11** મુજબ ઉમેદવાર કોઈ ગેરરીતિ કરશે તો તેની સામે બોર્ડના નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### 3.13 પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરપત્રિકા પરત સોંપવાની પ્રવિધિ :

પરીક્ષાનો સમય પૂર્ણ થયા બાદ દરેક ઉમેદવારે તેમને આપવામાં આવેલ ઉત્તરપત્રિકા ખંડ નિરીક્ષકને સુપ્રત કરવાની રહેશે અને ઉત્તરપત્રિકા ખંડનિરીક્ષકને સુપરત કરે છે તેના પુરાવા રૂપે **પરિશિષ્ટ-8** મુજબના પત્રક 01માં સહી કરવાની રહેશે અને પ્રવેશપત્રમાં ઉત્તરપત્રિકા પરત કરેલ છે તેના પુરાવા રૂપે ખંડ નિરીક્ષકની સહી અવશ્ય લેવાની રહેશે. ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા પરીક્ષા ખંડની બહાર પરીક્ષા પૂર્ણ થયા બાદ લઈ જઈ શકશે.

### 3.14 પુનઃપરીક્ષા :

આ પરીક્ષા પ્રવેશપત્રમાં દર્શાવેલ સમય અને નિર્ધારિત કરેલ સમયપત્રક મુજબ યોજાશે. જો કોઈ ઉમેદવાર નિર્ધારિત કરેલ સમયપત્રક મુજબ પરીક્ષામાં ઉપસ્થિત રહે નહીં, તો તે અંગેની તમામ જવાબદારી ઉમેદવારની રહેશે. પુનઃપરીક્ષાને કોઈ અવકાશ નથી. કોઈ પણ કારણસર પરીક્ષામાં ગેરહાજર રહેનાર ઉમેદવાર માટે પુનઃ પરીક્ષા માટે કોઈ જ જોગવાઈ નથી.

## 4 પરિણામ અંગે :

### 4.1 મૂલ્યાંકન :

ઉત્તરપત્રિકા OMR પ્રકારની રહેશે. ઉત્તરવહીનું વાંચન સ્કેનર દ્વારા કરી મળવાપાત્ર નિયમોનુસાર ગુણ કોમ્પ્યૂટરાઈઝેશન પદ્ધતિથી ગણતરીમાં લેવામાં આવશે. બોર્ડની વેબસાઇટ ઉપર દરેક પ્રશ્નપત્રના સાચા ઉત્તરોની (Answer key) વિગતો પરિણામ પહેલાં મૂકવામાં આવશે.

### 4.2 પરિણામ જાહેરાત :

મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને પરિણામના ગુણપત્રકની નકલ તેમણે જે સંસ્થા મારફતે આવેદનપત્ર મોકલાવેલું છે. તે શાળામાં ગુણપત્રક મોકલી આપવામાં આવશે. બહારના ઉમેદવારોને ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

### 4.3 ગુણપત્રક :

મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરીક્ષાનું પરિણામ ગુણપત્રકમાં આપવામાં આવશે. ઉમેદવારોને પરિણામના ગુણપત્રકની નકલ તેમણે જે સંસ્થા મારફતે આવેદનપત્ર મોકલાવેલુ છે તે શાળામાં ગુણપત્રક મોકલી આપવામાં આવશે. બહારના ઉમેદવારોને ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

### 4.4 ડુપ્લીકેટ ગુણપત્રક મેળવવા બાબત :

કોઈ સંજોગોમાં ગુણપત્રક ગુમ થયેલ હોય તો પરીણામ જાહેરાત બાદથી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં જ સુધી ડુપ્લીકેટ ગુણપત્રક રૂ. 200/- ફીનો રાષ્ટ્રીયકૃત બેંકનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર ડી.ડી. સચિવશ્રી, ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ સેલ, ગાંધીનગરના નામનો કઢાવી **પરિશિષ્ટ-12** મુજબના આવેદનપત્રમાં અરજી કરવાથી GUJCEL સેલ, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે. પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડુપ્લીકેટ ગુણપત્રક મળશે નહિ.

### 4.5 OMR Answer sheetની નકલ મેળવવા બાબત :

પરિણામ બાદ GUJCET OMRની નકલ મેળવવા માટે ઉમેદવારે ONLINE માધ્યમથી બૉર્ડની webiste www.gseb.org અથવા gujcet.gseb.org પરથી અરજી કરવાની રહેશે. જેની નિયત ફી (OMR દીઠ રૂ. ૨૦૦.૦૦) SBIePay system મારફતે ONLINE (Credit card, Debit card, Net banking) દ્વારા અથવા SBIePay ના “SBI Branch Payment” ઓપ્શન દ્વારા દેશની કોઈ પણ SBI Branchમાં ભરી શકાશે. SBI Branchમાં ONLINE Payment કરવા માટે gujcet.gseb.org પર LOG IN કરીને SBIePay Payment Optionમાં “SBI Branch Payment” option select કરવો અને Payment Slipની પ્રિન્ટ આઉટ લેવી. OMR ની નકલ તથા ચકાસણી માટેનો રિપોર્ટ ફક્ત ONLINE માધ્યમથી બૉર્ડની ઉક્ત વેબસાઈટ પરથી નિયત સમય મર્યાદામાં ONLINE Download કરવાના રહેશે.

### 4.6 મેરીટ યાદી :

